# હેડ-અભિષેકના પાવરથી સનરાઇઝર્સે લખનૌને 10 વિકેટે હરાવ્યું

**અંતિમ** 7 ઓવરમાં બદોની અને પૂરને 92 રન કરતાં લખનૌ સુપર જાયન્ટ્સે સનરાઇઝર્સ સામે 166 રનનો લક્ષ્યાંક મૂક્યો

**ટ્રેવિસ** હેડ અને અભિષેક શર્માએ તોફાની બેટીંગ કરીને માત્ર 9.4 ઓવરમાં જ વિના વિકેટે 167 રન કરીને સનરાઇઝર્સને જીતાડ્યું



હૈદરાબાદ, તા. 08 : આઇપીએલમાં આજે બુધવારે અહીં રમાયેલી એક મેચમાં આયુષ બદોનીની અર્ધસદી અને નિકોલસ પૂરન સાથેની તેની 99 રનની નોટઆઉટ ભાગીદારીની મદદથી લખનૌ સુપર જાયન્ટ્સે ખરાબ શરૂઆતમાંથી બહાર આવીને 4 વિકેટે 165 રનનો સ્કોર બનાવીને મૂકેલા 166 રનના લક્ષ્યાંકને ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માની તોફાની બેટીંગની મદદથી સનરાઇઝર્સ હૈદરાબાદે 9.4 ઓવરમાં જ વિના વિકેટે કબજે કરીને મેચ 10 વિકેટે જીતી હતી.

લક્ષ્યાંક કબજે કરવા ઉતરેલી સનરાઇઝર્સને હેડ અને અભિષેકે માત્ર 45 મિનિટમાં 58 બોલમાં જ જીતાડી દીધું હતું. આ બંનેએ તેમાંથી 30 બોલમાં બાઉન્ડરી ફટકારી હતી. જેમાંથી 16 ચોગ્ગા અને 14 છગ્ગા હતા. આ વિજયની સાથે જ સનરાઇઝર્સ પોઇન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું હતું. જ્યારે લખનૌ છઠ્ઠા સ્થાને યથાવત રહ્યું હતું.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી લખનૌની ટીમે એક સમયે 12મી ઓવરમાં 66 રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. જો કે તે પછી બદોની અને પુરને 52 બોલમાં 99 રનની નોટઆઉટ ભાગીદારી કરતાં તેમણે 20 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને 165 રન બનાવ્યા હતા. બદોનીએ 30 બોલમાં 9 ચોગ્ગાની મદદથી નોટઆઉટ 55 રન બનાવ્યા હતા. જ્યારે પુરને 26 બોલમાં 6 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી 48 રનની નોટઆઉટ ઈનિંગ રમી હતી. લખનૌ વતી કેએલ રાહુલ 33 બોલમાં 29 રન બનાવીને આઉટ થયો હતો, ક્વિન્ટન ડી કોક અને માર્કસ સ્ટોઈનિસ નિષ્ફળ રહ્યા હતા. જ્યારે કૃણાલ પંડ્યાએ 21 બોલમાં 24 રન બનાવ્યા હતા. હૈદરાબાદ તરફથી ભુવનેશ્વર કુમારે બે વિકેટ ઝડપી હતી. જ્યારે પેટ કમિન્સને એક વિકેટ મળી હતી.

| લખનૌ સુપર જાયન્ટ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રાહુલ કો.નટરાજન બો.કમિન્સ | 29 | 33 | 1 | 1 |
| ડિ કોક કો.નીતિશ બો. ભુવનેશ્વર | 2 | 5 | 0 | 0 |
| સ્ટોઇનિસ કો.સનવીર બો.ભુવનેશ્વર | 3 | 5 | 0 | 0 |
| કૃણાલ રનઆઉટ | 24 | 21 | 0 | 2 |
| પૂરન નોટઆઉટ | 48 | 26 | 6 | 1 |
| બદોની નોટઆઉટ | 55 | 30 | 9 | 0 |
| વધારાના | 4 | | | |
| કુલ (20 ઓવર્સમાં 4 વિકેટે) | 165 | | | |

વિકેટપતન : 1/13, 2/21, 3/57, 4/66

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ભુવનેશ્વર કુમાર | 4 | 0 | 12 | 2 |
| પેટ કમિન્સ | 4 | 0 | 47 | 1 |
| શાહબાઝ અહેમદ | 2 | 0 | 9 | 0 |
| વિજયકાંત વી | 4 | 0 | 27 | 0 |
| જયદેવ ઉનડકટ | 2 | 0 | 19 | 0 |
| ટી નટરાજન | 4 | 0 | 50 | 0 |

| સનરાઇઝર્સ હૈદરાબાદ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| અભિષેક નોટઆઉટ | 75 | 28 | 8 | 6 |
| ટ્રેવિસ હેડ | 89 | 30 | 8 | 8 |
| વધારાના | 3 | | | |
| કુલ (9.4 ઓવર્સમાં વિના વિકેટે) | 167 | | | |

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| કૃષ્ણપ્પા ગૌતમ | 2 | 0 | 29 | 0 |
| યશ ઠાકુર | 2.4 | 0 | 47 | 0 |
| રવિ બિશ્નોઇ | 2 | 0 | 34 | 0 |
| નવીનુલ હક | 2 | 0 | 37 | 0 |
| આયુષ બદોની | 1 | 0 | 19 | 0 |

## આઇપીએલ પોઇન્ટ ટેબલ

| ક્રમ | ટીમ | મેચ | જીત | હાર | પોઇન્ટ | રન રેટ |
|---|---|---|---|---|---|---|
| 1 | કેકેઆર | 11 | 8 | 3 | 16 | 1.453 |
| 2 | આરઆર | 11 | 8 | 3 | 16 | 0.476 |
| 3 | એસઆરએચ | 12 | 7 | 5 | 14 | 0.406 |
| 4 | સીએસકે | 11 | 6 | 5 | 12 | 0.700 |
| 5 | ડીસી | 12 | 6 | 6 | 12 | -0.316 |
| 6 | એલએસજી | 12 | 6 | 6 | 12 | -0.769 |
| 7 | આરસીબી | 11 | 4 | 7 | 8 | -0.049 |
| 8 | પીબીકેએસ | 11 | 4 | 7 | 8 | -0.187 |
| 9 | એમઆઇ | 12 | 4 | 8 | 8 | -0.212 |
| 10 | જીટી | 11 | 4 | 7 | 8 | -1.320 |

# મેરાડોનાની ફિફા વર્લ્ડકપની ગોલ્ડન બોલ ટ્રોફીની પેરિસમાં હરાજી થશે

**મારાડોનાને** શ્રેષ્ઠ ખેલાડી તરીકે મળેલી ગોલ્ડન બોલ ટ્રોફી ગુમ થયા પથી ઘણી અફવાઓ જન્મી હતી અને હવે આ ટ્રોફી ફરી સામે આવી



પેરિસ, તા. 08 : મહાન ફૂટબોલ ખેલાડી ડિએગો મેરાડોનાની 1986 વર્લ્ડકપ ગોલ્ડન બોલ ટ્રોફી ફરીથી સામે આવી છે. એગ્યુટ્સ હાઉસે જણાવ્યું હતું કે દાયકાઓથી ગુમ થયેલા આ ઇનામની આગામી મહિને પેરિસમાં હરાજી કરવામાં આવશે.

મેરાડોનાનું 2020માં 60 વર્ષની વયે અવસાન થયું હતું. 1986ના વર્લ્ડકપમાં તેના શાનદાર પ્રદર્શન માટે તેને આ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. તેણે મેક્સિકો સિટીમાં ફાઇનલમાં પશ્ચિમ જર્મની સામે 3-2થી જીત દરમિયાન આર્જેન્ટિનાની કપ્તાની સંભાળી હતી. અગાઉ તેણે ક્વાર્ટર ફાઇનલમાં ઈંગ્લેન્ડ સામે 2-1થી મળેલી જીતમાં વિવાદાસ્પદ 'હેન્ડ ઓફ ગોડ' ગોલ અને 'ગોલ ઓફ ધ સેન્ચ્યુરી' કર્યા હતા. હરાજી ગૃહે જણાવ્યું હતું કે તેની વિશિષ્ટતાને કારણે ટ્રોફી લાખો યુરોમાં વેચાય તેવી અપેક્ષા છે.

ટુર્નામેન્ટના શ્રેષ્ઠ ખેલાડીને ગોલ્ડન બોલ ટ્રોફી આપવામાં આવે છે. જોકે પાછળથી આ ટ્રોફી ગુમ થઈ ગઈ જેણે ઘણી અફવાઓને જન્મ આપ્યો. એગ્યુટેસે કહ્યું કે કેટલાક લોકો કહે છે કે તે પોકર મેચ દરમિયાન હારી ગયો હતો અથવા દેવું ચૂકવવા માટે વેચવામાં આવી હતી. અન્ય લોકો કહે છે કે મેરાડોનાએ ઇટાલિયન લીગમાં રમતા હતા ત્યારે તેને નેપલ્સ બેંકની એક તિજોરમાં મૂકી હતી. જે 1989માં સ્થાનિક ગુનેગારોએ લૂંટી લીધી હતી. સુધારીને મુખ્ય પ્રવાહમાં જોડાયેલા એક માફિયા સભ્ય દ્વારા કહેવામાં આવેલી વાર્તા અનુસાર, ટ્રોફી પીગાળીને તેમાંથી સોનુ બહાર કાઢી લેવાયું હતું.

# આજે અસ્તિત્વની લડાઈમાં RCBનો સામનો પંજાબ કિંગ્સ સામે

**ધર્મશાળા** ખાતે બિછાવાયેલી હાઇબ્રિડ પીચ પર રમાનારી મેચમાં બંને ટીમ જીત મેળવવા માટેનો પ્રયાસ કરશે

**સાંજે** 7.30 વાગ્યે શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો સિનેમા પર



ધર્મશાલા, તા. 08 (પીટીઆઈ) : આઈપીએલમાં આજે ગુરૂવારે મજબૂતાઈથી ફરીથી ઊભી થઈ રહેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી) જ્યારે અહીં હાઈબ્રિડ પીચ પર રમાનારી મેચમાં સાતત્યવિહિન પંજાબ કિંગ્સ સામે મેદાને પડશે ત્યારે તેઓ સતત ચોથી જીત મેળવીને પ્લેઓફની આશા જીવંત રાખવા માગશે

સીઝનની ભયાનક શરૂઆત પછી, આરસીબી ટુર્નામેન્ટમાં વાપસી કરવામાં સફળ રહી છે. તેઓની છેલ્લી ત્રણ મેચમાં સર્વગ્રાહી રીતે જીત મેળવીને તેમની રિધમ મેળવી છે. આ જીતે ન માત્ર તેમનું ધબકતું મનોબળ વધાર્યું છે પરંતુ તેમને પોઈન્ટ ટેબલમાં સાતમા સ્થાને પણ તેમને પહોંચાડ્યા છે. 11 મેચમાં આઠ પોઈન્ટ સાથે, આરસીબી જો તેઓ તેમના બાકીની ત્રણેય ફિક્સર જીતી લે તો હજુ પણ પ્લેઓફમાં પ્રવેશ કરી શકે છે જો કે તકો ઓછી છે. પંજાબ કિંગ્સ પણ આવી જ પરિસ્થિતિમાં છે. તેઓ 11 મેચમાં આઠ પોઈન્ટ એકત્રિત કરીને આઠમા સ્થાને છે. જો કે, બંને વચ્ચે માત્ર એક ટીમ જ મહત્વપૂર્ણ 14 પોઈન્ટના આંક સુધી પહોંચી શકે છે.

સિઝનની શરૂઆતમાં પીબીકેએસને હરાવીને અને સતત ત્રણ જીત સાથે આગળ વધ્યા પછી, આરસીબી યજમાનો કરતાં વધુ આત્મવિશ્વાસ અનુભવતી હશે. વિરાટ કોહલી ટોચ પર જળવાઈ રહ્યો છે, જ્યારે સુકાની ફાફ ડુ પ્લેસિસે છેલ્લી મેચમાં લડાયક દાવ વડે તેના નબળા સ્કોરનો દોર તોડી નાખ્યો હતો. વિલ જેક્સે પણ જીટી સામેની મેચ-વિનિંગ સદીથી પ્રભાવિત કર્યા હતા, અને કેમેરન ગ્રીને સનરાઈઝર્સ હૈદરાબાદ સામે રન અને બોલિંગમાં મહત્ત્વપૂર્ણ યોગદાન સાથે તેની ઓલરાઉન્ડ કુશળતા દર્શાવી હતી.





# ભારે સુરક્ષા વચ્ચે ઓલિમ્પિક્સ મશાલ માર્સેલી પહોંચી

**એથેન્સથી** નીકળીને 12 દિવસની દરિયાઇ મુસાફરી પછી ઓલિમ્પિક્સ મશાલનું માર્સેલીના પોર્ટ પર આગમન

માર્સેલી (ફ્રાન્સ), તા. 08 (એપી) : ભારે સુરક્ષા વચ્ચે, ઓલિમ્પિક્સ મશાલ ત્રણ જહાજો દ્વારા ગ્રીસથી દક્ષિણ ફ્રેન્ચ શહેર માર્સેલીમાં આવી, જ્યાં સૂર્યાસ્ત સમયે તેને આવકારવામાં આવશે. શહેરમાં જ્યાં ઓલ્ડ પોર્ટ કડક સુરક્ષા હેઠળ છે ત્યાં શાનદાર ઉજવણી કરવાનું પેરિસ ઓલિમ્પિક્સના આયોજકોએ વચન આપ્યું છે.

ગયા મહિને ગ્રીસમાં આ મશાલ પ્રગટાવવામાં આવી હતી અને ત્યારબાદ તેને ફ્રાંસને સોંપવામાં આવી હતી. તે 1896માં પ્રથમ વખત ઉપયોગમાં લેવાતા જહાજ બેલેમ પર એથેન્સથી નીકળીને 12 દિવસ સુધી સમુદ્રમાં મુસાફરી કરી. વહાણની આસપાસ હજારો બોટ હતી. જહાજ એથ્લેટિક્સ ટ્રેકની જેમ શણગારેલા બોટ બ્રિજ પર લાંગરવામાં આવ્યું છે.

મશાલને આવકારવા ફ્રેન્ચ એરફોર્સની ટીમ સ્ટંટ કરશે. આયોજક સમિતિના વડા ટોની એસ્ટાનગુએટે જણાવ્યું હતું કે, ફ્રાન્સમાં ઓલિમ્પિકિસ રમતોની વાપસીની આ એક અદ્દભૂત ઉજવણી હશે. મશાલ રિલે ગુરુવારે માર્સેલીથી શરૂ થશે.

# IPL આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ સેમસનને મેચ ફીના 30 ટકા દંડ



**બાઉન્ડરી** પર કેચ આઉટ થયા પછી અમ્પાયરો સાથે દલીલ કરવા બદલ રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન દંડાયો

નવી દિલ્હી, તા. 08 (પીટીઆઇ) : રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસનને અહીંના અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે 20 રનની હાર દરમિયાન આઈપીએલ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ તેની મેચ ફીના 30 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. સેમસનના ગુનાની માહિતી આપવામાં આવી નથી. પરંતુ દિલ્હીના 222 રનના લક્ષ્યનો પીછો કરતી વખતે બાઉન્ડરી પર કેચઆઉટ થવા મામલે અમ્પાયરો સાથે દલીલ કરવા બદલ તે હોઈ શકે છે. સવાલ એ હતો કે કેચ લેતી વખતે હોપનો પગ બાઉન્ડ્રી લાઈનને સ્પર્શ્યો હતો કે કેમ? ત્રીજા અમ્પાયરે સેમસનને આઉટ આપ્યો પરંતુ રોયલ્સનો કેપ્ટન ખુશ નહોતો. તેણે શરૂઆતમાં પેવેલિયન તરફ ચાલવાનું શરૂ કર્યું પરંતુ પછી તે મધ્યમાં પાછો ફર્યો અને મેદાન પરના અમ્પાયરો સાથે થોડી વાતચીત કરી હતી. આઈપીએલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સેમસને આઈપીએલ કોડ ઓફ કંડક્ટના નિયમ 2.8 હેઠળ લેવલ 1 નો ગુનો કર્યો છે. તેણે ગુનો અને મેચ રેફરીની સજા સ્વીકારી લીધી છે. આચાર સંહિતાના લેવલ 1 ભંગ માટે મેચ રેફરીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા હોય છે.

## સુડોકુ ૫૦૦૭ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૫ | | ૩ | | ૧ | ૯ | |
| ૯ | | | | ૫ | ૬ | ૭ | ૪ | |
| | | | ૭ | | | ૬ | ૫ | ૩ |
| | | | | ૮ | ૩ | | | |
| | | ૪ | ૬ | | | | ૩ | |
| | ૮ | ૩ | | | | | ૬ | |
| ૮ | ૯ | | ૩ | | ૭ | | ૧ | ૫ |
| ૩ | | | ૫ | | ૮ | ૯ | ૭ | ૪ |
| | | | | ૨ | ૧ | | | ૬ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### સફેદ ડાઘ

ગોકર્ણની વેલી, જેના પર સફેદ ફૂલ આવતા હોય, તેનું મૂળ લાવી, ધોઈ, પાણી સાથે ઓરસિયા પર ઘસી તે ઘસારો રોજ બે થી ત્રણ વાર ડાઘ પર લગાડવો. આ વેલ અપરાજિતા, ગરણી, બીબરી તરીકે પણ ઓળખાય છે.

# પીએસજીને 1-0થી હરાવીને ડોર્ટમંડ ચેમ્પિયન્સ લીગની ફાઇનલમાં પહોંચ્યું

**બોરુસિયા** ડોર્ટમંડે PSG સાથેની છેલ્લી સિઝનમાં ચેમ્પિયન્સ લીગ ટાઇટલ જીતવાના એમ્બાપ્પેના સ્વપ્નને રોળી નાંખ્યું



પેરિસ, તા. 08 (એપી) : મંગળવારે અહીં ચેમ્પિયન્સ લીગ સેમિફાઇનલના બીજા તબક્કામાં મેટ્સ હમ્મેલ્સના ગોલની મદદથી બોરુસિયા ડોર્ટમંડે પેરિસ સેન્ટ-જર્મન (પીએસજી)ને 1-0થી હરાવીને ચેમ્પિયન્સ લીગ ફૂટબોલ ટુર્નામેન્ટની ફાઇનલમાં પ્રવેશ કર્યો. મેચનો એકમાત્ર ગોલ હમલ્સે 50મી મિનિટે કર્યો હતો.

ડોર્ટમંડે પ્રથમ લેગ પણ 1-0થી જીત્યો અને આ રીતે 2-0ના કુલ સ્કોર સાથે સેમી ફાઇનલ જીતીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. આ સાથે, પીએસજી સાથે તેની અંતિમ સિઝનમાં ચેમ્પિયન્સ લીગનો ટાઇટલ જીતવાનું સ્ટાર ખેલાડી કૈલિયન એમબાપ્પેનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું હતું. 2020માં રનર્સ-અપ રહ્યા પછી બીજી ફાઇનલમાં પહોંચવા માટે ફેવરિટ તરીકે પ્રવેશ કરનારી પીએસજીએ આક્રમક શરૂઆત કરી હતી અને એમ્બાપ્પેને સાતમી મિનિટે હાફ-વોલી સાથે પ્રથમ તક મળી હતી. ડાબી બાજુએથી એમ્બાપ્પે અને એકમાત્ર સ્ટ્રાઈકર તરીકે ગોન્કાલો રામોસ સાથે, ફ્રાન્સના આ ફોરવર્ડ પાસે થોડી પહોળી જગ્યા હોવા છતાં તેને ઘટાડીને ડોર્ટમંડના ગોલ પોસ્ટમાં બોલ ધકેલવાની સારી સંભાવના હતી. જો કે ડોર્ટમંડના ખેલાડીઓએ શાંત રહીને મક્કમતાથી તેનો સામનો કર્યો હતો.

## આજનું પંચાંગ

**તા. 09/05/2024, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1946
**વીર સંવત :** 2550 **માસ :** વૈશાખ
**તિથિ:** વદ: સુદ: એકમ:06:22 બીજનો ક્ષય છે
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ: 18
**નક્ષત્ર :** કૃતિકા: 4:56 **યોગ:** શોભન
**કરણ :** બાવલ
**રાશિ :** વૃષભ (બ,વ,ઉ)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:06 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:05
**નવકારસી :** 06:54
**પારસી વર્ષ :** 1393, આદર માસનો 28મો રોજ
**મુસલમાન વર્ષ :** 1445, શવ્વાલ માસનો 29મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ,
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત,
**રાહુ કાળ :** બપોરે: 13:30 થી 15:00 સુધી

**મેષ (અ.લ.ઇ.):** વાણી અને વ્યવહાર કુશળતાથી કાર્ય સફળતા મળે. ઉઘરાણી આવવાથી રાહત.

**વૃષભ (બ.વ.ઉ.):** આનંદ અને આત્મવિશ્વાસ વધારનાર સફળતા મળે. મત અતિ ચંચળ રહે ધીરજ રાખવી.

**મિથુન (ક.છ.ઘ.):** આરોગ્યને લગતાં કામ થાય. કોર્ટ, કચેરીમાં મદદ મળે. સમાજમાં યશ મળે.

**કર્ક (ડ.હ.):** પ્રેમમાં અનુકૂળતા રહેશે. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય. શેરબજારનાં કામ થાય.

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**સિંહ (મ.ટ.):** નોકરીમાં પગારવધારો થઈ શકે છે. તથા સ્વતંત્ર ધંધામાં આવક વધશે.

**કન્યા (પ.ઠ.ણ.):** આયાત-નિકાસ, વિદેશ પ્રવાસઉચ્ચ શિક્ષણ અને કાયદાને લગતાં કામ પાર પડે.

**તુલા (ર.ત.):** અચાનક આર્થિક લાભ થાય. નવી તકથી વિમા-એજન્સીથી લાભ થાય.

**વૃશ્ચિક (ન.ય.):** ઉંમર લાયકના વિવાહ થાય. રોજની આવકમાં વધારો થાય. સામાજિક કામ થાય.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** નોકરી માટેના પ્રયત્નો પાર પડે. નોકરીમાં પ્રમોશન થઈ શકે છે. અચાનક મદદ મળે.

**મકર (ખ.જ.):** શેર, સટ્ટા, લોટરી વાયદામાં ભાગ્યનો સાથ મળે. ઉઘરાણી આવી શકે છે.

**કુંભ (ગ.સ.શ.ષ.):** વારસાના કામ પાર પડે. વડીલોની મદદ મળે. પ્રવાસનાં કામ પાર પડે.

**મીન (દ.ચ.ઝ.થ.):** અચાનક સફળતા મળે નવી યોજનામાં મદદ મળે. વાણી પર કાબૂ રાખવો.

## કોઇ પણ સાલમાં 09 મેએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી કામનો બોજ વધશે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા વધે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજમાં અશાંતિ રહેશે. ઉંમરલાયકના વિવાહ થાય. વર્ષની શરૂઆતમાં ઘર, વાણી, મકાન વગેરેના કામ પાર પડશે. મિત્રોના કામની ચિંતા સતાવે. વડીલોના આરોગ્યમાં ખર્ચા વધશે. વારસાનાં કામમાં વિઘ્નો આવે. વિદેશનાં કામ ઘીમા પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ માટે વિદેશની તક મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી પ્રવાસમાં વિશ્વાસઘાતથી બચવું. માર્ચ-એપ્રિલ તથા ઓક્ટોબર-નવેમ્બરમાં નવી યોજના પાર પડવાથી લાભ થાય. ડિસેમ્બર-જાન્યુઆરીમાં અશાંતિ વધશે.

## શબ્દગુંફન - ૬૬૬૧ અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. પ્રવાસ વર્ણનનું પુસ્તક (૫)
૪. બનાવટી (૩)
૬. તોફાન, ધમાલ (૪)
૮. ધૂળ (૨)
૧૦. રંગ, વર્ણ (૨)
૧૧. માથું, શિર (૨)
૧૨. સહાય (૩)
૧૩. ઝેર, વિષ (૨)
૧૪. શરીરની ઊંચાઈ (૨)
૧૫. કાપડની પહોળાઈ (૨)
૧૬. આંખ (૩)
૧૮. રોષ, ગુસ્સો (૨)
૧૯. પખવાડિયાની ત્રીજી તિથિ (૨)
૨૧. કંગાળ, રખડુ (૩)
૨૩. છુટ્ટી, પરવાનગી (૨)
૨૫. સારું, રૂપાળું (૨)
૨૬. હયાત અને સુરક્ષિત (૪)
૨૮. સમાચાર (૩)
૩૦. બાણ, તીર (૨)
૩૨. તપાસ, કરામત (૪)
૩૫. વાંક, ભૂલચૂક, ખામી (૩)
૩૬. કિંમત, મૂલ્ય (૨)
૩૭. કપાળ, ભાલ (૩)

**ઊભી ચાવી**
૧. ભરપૂર (૩)
૨. લીન (૨)
૩. માથું મુંડાવવું તે (૩)
૪. પગથી માથા સુધી (૪)
૫. લોટો (૩)
૭. ફેંસલા માટેનું પંચ (૩)
૯. જમના નદીનું મૂળ(૪)
૧૦. વગાડવું તે (૩)
૧૩. વનમાં વસવું તે (૪)
૧૪. વ્યાયામ (૪)
૧૭. મૃત્યુના દેવ (૨)
૨૦. અગત્ય, જરૂરિયાત (૪)
૨૨. લીલાપણું (૩)
૨૪. કજિયો (૪)
૨૭. દુર્બળ, સુકલકડી (૪)
૨૯. નાનો તવો (૨)
૩૧. કથા, કહાણી (૩)
૩૩. જીવ વિનાનું (૨)
૩૪. પાણી, નીર (૨)



# મંગોલિયાએ ટી-20 ઇન્ટરનેશનલમાં બીજો સૌથી નિમ્ન સ્કોર બનાવ્યો

**જાપાન** સામે 12 રનમાં ઓલઆઉટ થયેલી મંગોલિયાની ટીમે ચોથો સૌથી મોટો પરાજય મેળવ્યો

સાનો (જાપાન), તા. 08 : એશિયન ગેમ્સ દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કરનાર મંગોલિયાએ તેના સાત મહિના બાદ બુધવારે અહીં જાપાન સામે માત્ર 12 રનમાં આઉટ થઈને ટી-20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં બીજો સૌથી નિમ્ન સ્કોર નોંધાવ્યો હતો અને તેની સાથે જ તે 205 રને હારતાં ટી-20 ઈન્ટરનેશનલનો તેમનો ચોથો સૌથી મોટો પરાજય થયો હતો. પ્રથમ બેટિંગ કરતા જાપાને સાત વિકેટે 217 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં મંગોલિયાની ટીમ માત્ર 8.2 ઓવરમાં 12 રને ઓલઆઉટ થઈ ગઈ હતી. ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ન્યૂનતમ સ્કોર બનાવવાનો રેકોર્ડ આઈલ ઓફ મેનના નામે છે, જેની ટીમ 26 ફેબ્રુઆરી 2023ના રોજ સ્પેન સામે 10 રનમાં આઉટ થઈ ગઈ હતી.

જાપાન માટે, 17 વર્ષીય ડાબોડી ફાસ્ટ બોલર કાઝુમા કાટો સ્ટેફોર્ડે 3.2 ઓવરમાં 7 રન આપીને 5 વિકેટ લીધી હતી, જ્યારે અબ્દુલ સમદ અને માકોટો તાનિયામાએ 2-2 વિકેટ લીધી હતી.

# અંતિમ ઓલિમ્પિક ક્વોલિફાઈંગ સ્પર્ધામાં અમન સેહરાવત પાસેથી મોટી અપેક્ષાઓ

**અમન** વર્લ્ડ ચેમ્પિયનશિપ અને બિશ્કેકમાં મળેલી તકનો લાભ ઉઠાવી શક્યો નથી, દીપક અને સુજીત દુબઇમાં ફસાતા બિશ્કેક પહોંચી શક્યા નહોતા

ઈસ્તાંબુલ, તા. 08 (પીટીઆઇ) : આવતીકાલે ગુરુવારથી અહીં શરૂ થઈ રહેલી અંતિમ વર્લ્ડ રેસલિંગ ક્વોલિફાયર્સમાં પ્રતિભાશાળી અમન સેહરાવત અને અનુભવી દીપક પુનિયા પેરિસ ઓલિમ્પિક્સ માટે પુરૂષોની ફ્રીસ્ટાઈલ કેટેગરીમાં ક્વોટા મેળવવાનો પ્રયાસ કરશે. રેસલર્સ પાસે પેરિસ ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય થવાની આ છેલ્લી તક હશે. વર્લ્ડ અંડર-23 ચેમ્પિયન અમન વર્લ્ડ ચેમ્પિયનશિપ અથવા બિશ્કેકમાં એશિયન ક્વોલિફાયર્સમાં ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય થવાની અપેક્ષા હતી પરંતુ તે બંને પ્રસંગોએ નિષ્ફળ ગયો હતો.

બિશ્કેકમાં અમનને ગુલોમજોન અબ્દુલ્લાએવ તરફથી સખત પડકારનો સામનો કરવો પડ્યો, વર્લ્ડ ચેમ્પિયનશિપ સિલ્વર મેડલ વિજેતા દીપક અને સુજીત કલકલ દુબઈમાં અટવાઈ જવાને કારણે સમયસર બિશ્કેક પહોંચી શક્યા ન હતા. હવે ઈસ્તાંબુલમાં ભારતીય રેસલર્સ માટે કરો યા મરો જેવી સ્થિતિ બની ગઈ છે.